# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 02-07-2024** **Evening : 7.10 to 7.20pm**
**Day : Tuesday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **અમિતા વાંઝા** વાંચે છે.

---

- રાજ્ય સરકારે જાપાનના ઉદ્યોગોને સેમિ-કન્ડક્ટર પ્રોજેક્ટ માટે જમીન પસંદગી અને ફાળવણીમાં જરૂરી મદદની પ્રતિબદ્ધતા વ્યકત કરી.
- અમદાવાદના સરસપુર ખાતે ભગવાન જગન્નાથજીનું મામેરું ભરાયું.
- નીટ પરીક્ષા ગેરરીતિ મામલે પંચમહાલમાં આઠમા દિવસે તપાસ યથાવત્
- રાજ્યના 169 તાલુકામાં આજે સાર્વત્રિક વરસાદ નોંધાયો.
- આવતીકાલથી ચાર દિવસ સુધી દક્ષિણ ગુજરાત અને ઉત્તર ગુજરાતના કેટલાક ભાગોમાં હળવાથી મધ્યમ વરસાદની આગાહી.

-----------------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

## CM PATEL - JAPAN

રાજ્ય સરકારે  જાપાનના ઉદ્યોગોને સેમિકન્ડક્ટર પ્રોજેક્ટ માટે જમીન પસંદગી અને ફાળવણીમાં જરૂરી મદદની પ્રતિબધ્ધતા વ્યકત કરી.

ગાંધીનગર ખાતે આજે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની સાથે જાપાનના મુંબઈ સ્થિત કૉન્સ્યુલ જનરલ શ્રી યાગી કોજીએ મુલાકાત લીધી હતી.

જાપાનના કૉન્સ્યુલ જનરલે ઉમેર્યું કે, વાઇબ્રન્ટ સમિટ ૨૦૨૪માં સુઝુકી મોટર્સે ગુજરાતમાં પોતાના પ્રોજેક્ટની જાહેરાત કરી હતી તેમજ જાપાનની સેમિકન્ડક્ટર મેન્યુફેક્ચરિંગ કંપનીઝ પણ ભારતની કંપનીઝ સાથે કોલૅબરેશન કરીને ગુજરાતમાં આવવા ઉત્સુક છે. તેમ જણાવ્યુ હતું, વધુમાં ઓટોમોબાઇલ અને સેમિકોન ઉપરાંત રિન્યુએબલ એનર્જી, ગ્રીન એમોનિયા પ્રોજેક્ટમાં પણ ગુજરાત સાથે રોકાણની સંભાવના રહેલી છે.

દરમિયાન આવા પ્રોજેક્ટ્સ માટે જરૂરી સ્થળ અને જમીન પસંદગી તથા ફાળવણીમાં રાજ્ય સરકાર જરૂરી મદદ કરશે, તેમ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યુ.

----------------------------

## AMBASSADOR OF FRANCE ---CHIEF MINISTER

ભારતમાં  ફ્રાન્સના એમ્બેસેડર શ્રીયુત ડૉ. થિયરી માથૌએ  અને ન્યૂઝીલેન્ડના ભારત સ્થિત હાઇકમિશનર શ્રીયુત પેટ્રિક રાટા તેમના

પ્રતિનિધિ મંડળ સાથે  ગાંધીનગર ખાતે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની મુલાકાત લીધી હતી.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે  વર્ષ 2036માં  ગુજરાતમાં  થનારા ઓલિમ્પિક્સના  આયોજનમાં ફ્રાન્સની તજજ્ઞતા અને અન્ય સુવિધાઓમાં ફ્રાન્સના જ્ઞાન કૌશલ્યનો સહયોગ લેવાની આતુરતા વ્યક્ત કરી.

ઉપરાંત ફ્રાન્સના રાજદૂતે  ગુજરાત સાથે **પુન; પ્રાપ્ય ઉર્જા અને રમત ગમત સેક્ટરમાં** સંબંધો વધારવાની તત્પરતા દર્શાવી હતી.

ફ્રાન્સના રાજદૂતે  અમદાવાદમાં IIM, NIDની પણ મુલાકાત લીધી હતી અને મહાત્મા ગાંધી ઇન્ટરનેશનલ સ્કૂલ સાથે મળીને ગિફ્ટ સિટીમાં શૈક્ષણિક સંકુલ શરૂ કરવાની દિશામાં તેઓ વિચારાધીન છે એમ જણાવ્યું.

દરમિયાન ન્યૂઝીલેન્ડના ભારત સ્થિત હાઇકમિશનર શ્રીયુત પેટ્રિક રાટા તેમના પ્રતિનિધિ મંડળ સાથે  ગાંધીનગર ખાતે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની મુલાકાત લીધી હતી.

મુખ્યમંત્રી સાથેની મુલાકાત દરમિયાન ન્યુઝીલેન્ડ હાઇકમિશનરે ગુજરાતની આર્થિક સ્થિતિઓ અંગે જાણવા તેમજ કૃષિ, ડેરી અને શિક્ષણ જેવા ક્ષેત્રોમાં સંભવિત સહયોગ અને રોકાણની તકો અંગે વિચાર વિમર્શ કર્યો હતો.

..................................

# AHMEDABAD RATHYATRA MAMERU

અમદાવાદના સરસપુર ખાતે ભગવાન જગન્નાથજીનું મામેરું ભરવામાં આવ્યું હતું. આગામી સાતમી જુલાઈએ યોજાનારી 147મી ભગવાન જગન્નાથજીની રથયાત્રાને ગણતરીના દિવસ બાકી હોવાથી ભક્તોમાં પણ ભગવાનના દર્શન માટે અનેરો ઉત્સાહ જોવા મળી રહ્યા છે. આ અંગે વધુ માહિતી આપતા અમારા પ્રતિનિધિ કરણ પરમારે આ મુજબ જણાવ્યું,

## (વોઈસ કાસ્ટ – કરણ પરમાર, અમદાવાદ)

.................

## GODHARA - NEET

નીટ પરીક્ષા ગેરરીતિ  સંદર્ભે પંચમહાલના ગોધરામાં સતત આઠમા દિવસે તપાસ યથાવત રહી છે. સીબીઆઈએ  ગોધરાની જય જલારામ શાળાના સંચાલક દિક્ષિત પટેલ અને અન્ય 4 આરોપીઓને સાથે રાખીને પૂછપરછ કરી નિવેદન લીધા હતા. દરમિયાન  ગુજરાત અને અન્ય રાજ્યોના વિદ્યાર્થીઓને નોટીસ આપી બોલાવીને પૂછપરછ કરી હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે પાંચ આરોપીઓમાં ગોધરા નીટ પરીક્ષાના કેન્દ્ર ખાતે ડેપ્યુટી સુપરિન્ટેન્ડન્ટ તરીકે તુષાર ભટ્ટ ફરજ બજાવતા હતા. આ કેન્દ્રમાં નીટની પરીક્ષા દરમિયાન ચોરી કરાવવા વચેટિયાની ભૂમિકા

ભજવનાર આરીફ નુર મોહમ્મદ વોરા અને આનંદ વિભેશ્વર પ્રસાદ, ગોધરાના નીટ પરીક્ષાના કેન્દ્ર ખાતે સીટી કો-ઓર્ડીનેટર તરીકે પુરુષોત્તમ શર્માની જવાબદારી હતી.

.................

# RAIN OVER ALL

રાજ્યના હવામાન વિભાગની આગાહી મુજબ, આવતીકાલે અમદાવાદ, ગાંધીનગર, બનાસકાંઠા, વડોદરા, મહિસાગર સહિતના જિલ્લાઓમાં ભારે વરસાદની આગાહી છે.

ગાંધીનગરના રાજ્ય આપાતકાલીન સંચાલન કેન્દ્રના જણાવ્યા મુજબ, સવારે 6 વાગ્યાથી સાંજે 6 વાગ્યા સુધીમાં 169 તાલુકામાં સાર્વત્રિક વરસાદ નોંધાયો. સૌથી વધારે 9 ઇંચ બનાસકાંઠાના લાખાણી તાલુકામાં વરસ્યો. જ્યારે મહેસાણાના મહેસાણા અને બેચરાજી તાલુકામાં અને નવસારીના ચીખલીમાં પોણા ચાર ઇંચ, બનાસકાંઠાના વાવ અને સૂઇગામમાં 3 ઇંચ વરસાદ નોંધાયો છે. આ સિવાયના તાલુકાઓમાં 3 ઇંચથી ઓછો વરસાદ નોંધાયો છે.

રાજકોટ જિલ્લાના આજી - 2 સિંચાઈ યોજનામાં વરસાદના કારણે ડેમ ભરાઇ જતા રૂલ લેવલ સપાટી જાળવવા ડેમના 2 દરવાજા બપોરે 0.15 મીટર ખોલવામાં આવ્યા છે. આથી ડેમની હેઠવાસમાં આવેલા પડધરી તાલુકાના અડબાલ્કા, બાધી, દહીંસરડા, ડુંગરકા, ગધાડા, હરીપર, ખંઢેરી, નારણકા, સખપર અને ઉકરડા ગામના લોકોને નદીના પટમાં અવરજવર ન

કરવા અને સાવચેત રહેવા મામલતદાર  ડિઝાસ્ટર મેનેજમેન્ટ સેલની યાદીમાં જણાવાયું છે.

રાજકોટ જિલ્લાના ધોરાજી તાલુકા પાસે આવેલો ભાદર-2 ડેમ 100 ટકા ભરાઈ ગયો છે. આથી રૂલ લેવલ જાળવવા પાણી છોડવામાં આવે ત્યારે નદીના પટમાં તથા કાંઠા વિસ્તારમાં અવર જવર ન કરવા તંત્ર દ્વારા જણાવવામાં આવ્યું છે.

તાપીના અમારા પ્રતિનિધિ નિરવ કંસારા જણાવે છે કે, વ્યારા ખાતે નિવાસી કલેક્ટરની અધ્યક્ષતામાં જિલ્લા ડિઝાસ્ટર કન્ટ્રોલરૂમ ખાતે ફરજ બજાવતા કર્મચારીઓને ચોમાસા દરમિયાન બનતા અકસ્માત અને ઘટનાઓને પહોંચી વળવા મામલતદાર, આપત્તિ અને આપત્તિ વ્યવસ્થાપનના અધિકારીઓએ કર્મચારીઓને માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.

આ તાલીમ દરમિયાન કર્મચારીઓને વિવિધ વિભાગ સાથે સંકલન કરવા જરૂરી સૂચનાઓ આપવામાં આવી. તેમ જ નુકસાનથી સંભવિત અસર પામી શકે તેવા વિસ્તારો કે સમુદાયોને પરિસ્થિતિથી માહિતગાર કરવા અને આપાતકાલીન સમયે કાર્યરત્  ટુકડીઓ સાથે સંકલનમાં રહેવા અનુરોધ કરાયો હતો.

---------------

## MAHISAGAR- JAHERNAMU

મહીસાગર જિલ્લા કલેક્ટરે  લુણાવાડા તાલુકાના હોડોડ ખાતે આવેલા મહી બ્રિજ પર જવા માટે મનાઇ ફરમાવતું  જાહેરનામું પ્રસિદ્ધ કર્યું છે.

જિલ્લાના અમારા પ્રતિનિધિ કૌશિક જોષી જણાવે છે કે, મહી નદી પર આવેલો જૂનો બ્રિજ જર્જરિત હોવાથી કોઈ અનિચ્છનીય ઘટના ન બને તેને ધ્યાનમાં રાખી આ નિર્ણય લેવામાં આવ્યો છે.

..................................

## NEWS IN BRIEF

**હવે સાંભળીએ રાજ્યના કેટલાક અન્ય સમાચાર સંક્ષિપ્તમાં....**

- કેન્દ્રશાસિત પ્રદેશ દાદરા નગર હવેલી સ્થિત ગુજરાત નેશનલ લો યુનિવર્સિટી સિલ્વાસા પરિસર આગામી સાતમી જુલાઇ સુધી વન મહોત્સવ ઉજવી રહ્યું છે.
- મહીસાગર જિલ્લામાં દરેક ગ્રામ પંચાયતમાં ગુજરાત પ્રાકૃતિક વિકાસ બોર્ડ ક્લસ્ટર બેઝ પ્રાકૃતિક ખેતીની તાલીમ આપી રહ્યું છે.
- નવસારીના ઘેલખડીમાં રામદેવ નગર ૧ ખાતે ખાનગી બાંધકામ સાઈટ પર ખોદેલા ખાડામાં પડી જતાં બે વર્ષીય બાળકનું મોત નિપજ્યું.
- સરકારી આયુર્વેદ હોસ્પિટલ ભુજ ખાતે આવતીકાલે નિ:શુલ્ક કેમ્પનું યોજાશે.
- ખરીફ પાકોને કાતરાથી બચાવવા ખેડૂતો માટે ખેતી નિયામકની કચેરી દ્વારા માર્ગદર્શિકા જાહેર કરાઈ.

----------

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણી અમદાવાદ વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી youtube ચેનલ એઆઈઆર ન્યુઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા ટ્વિટર હેન્ડલ AIR ન્યુઝ અન્ડર સ્કોર એ બી એ ડી ને ફોલો કરી શકશો..

.................................

## Cow Maintenance Cost Scheme

ગીર સોમનાથ જિલ્લામાં ગાય નિભાવ ખર્ચ યોજના અંતર્ગત આ વર્ષે અત્યાર સુધીમાં 12 હજાર 759 ખેડૂતોને 688.98 લાખ રૂપિયાની સહાય મળી.

અત્રે ઉલ્લેખનીય છે કે, રાજ્ય સરકાર ગાયપાલક ખેડૂતને પ્રાકૃતિક કૃષિ કરવાની શરતે પ્રતિ માસ 900 રૂપિયા પ્રમાણે ગાય નિભાવ ખર્ચમાં સહાય આપે છે. આ યોજનાથી ખેડૂત ગાયના છાણ અને ગૌમૂત્ર થકી ઓછા ખર્ચે પોષણક્ષમ ખેતી કરી શકે છે. પરિણામે જમીનની ફળદ્રુપતા અને ખેતઉત્પાદનોની ક્ષમતામાં વધારો થાય છે.

--------

## Narmada - Organic Carbon

નર્મદા જિલ્લામાં પ્રાકૃતિક ખેતી કરતા ૪૮ ખેડૂતોની જમીનમાંથી માટીના નમૂનાનું પૃથ્થકરણ કરાતા સેન્દ્રીય કાર્બનનું પ્રમાણ બે ટકાથી વધારે જોવા મળ્યું.

નર્મદા જિલ્લાના અમારા પ્રતિનિધિ  દિપક જગતાપ જણાવે છે કે, આત્મા વિભાગ દ્વારા ગરુડેશ્વર, દેડિયાપાડા તાલુકાના આઠ-આઠ, તિલકવાડા તાલુકાના ૧૦, નાંદોદ તાલુકાના ૧૭, સાગબારા તાલુકાના પાંચ એમ કુલ ૪૮ ખેડૂતોની જમીનની માટીના નમૂનાનું પૃથ્થકરણ કરવામાં આવ્યું હતું. આ પૈકી ૧૬ જેટલા ખેડૂતની જમીનમાં સેન્દ્રીય કાર્બનનું પ્રમાણ દોઢ ટકા આસપાસ જણાયું હતું. તેનો અર્થ એ  કે પ્રાકૃતિક ખેતી કરવાના કારણે જમીનની ફળદ્રુપતામાં વધારો થયો છે.

નર્મદા જિલ્લામાં પ્રાકૃતિક કૃષિ પદ્ધતિ અપનાવતા પૂર્વે જમીનના સોઇલ હેલ્થ ટેસ્ટ કરાવવા માટેનું આયોજન કરવામાં આવ્યું હતુ.

-------

# CHHOTA UDEPUR - JAMIN SRI SARKAR

છોટાઉદેપુર જિલ્લાના કલેક્ટરે નાગરિકોને જમીનની લે—વેચ કરતા પહેલા નમૂના 6ની ચકાસણી કરી લેવાની અપીલ કરી છે. જિલ્લાના નસવાડી તાલુકામાં કુકરદા ખાતે વિકાસકામોની ચકાસણી કરતા ખેતીના ઉપયોગની, જરાયત જમીન લોકોને વેચી દેવાઈ હોવાની જાણ કલેક્ટરને થતાં તેમણે આ અંગે નોટિસ પાઠવી હતી. આ અંગે માહિતી આપતા જિલ્લા કલેક્ટર અનિલ ધામોલિયાએ આ મુજબ જણાવ્યું,

(બાઈટ - જિલ્લા કલેક્ટર અનિલ ધામોલિયા)

. . . . . . . . . . . . . . .

## JAGDISH VISHVKARMA

રાજ્યની દૂધ મંડળીઓ-સભાસદોના ખાતા જિલ્લા મધ્યસ્થ સહકારી બેંકમાં વધુ માત્રામાં ખોલાવા અંગે સહકાર મંત્રી જગદીશ વિશ્વકર્માની અધ્યક્ષતામાં વર્ચ્યૂઅલ સમીક્ષા બેઠક ગાંધીનગર ખાતે યોજાઈ ગઈ.

આ બેઠકમાં આગામી છઠ્ઠી જુલાઈએ સહકાર દિવસ નિમિત્તે કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી અમિત શાહની અધ્યક્ષતામાં યોજાનારા 'સહકાર થી સમૃદ્ધિ' કાર્યક્રમ અંતર્ગત પણ ચર્ચા કરાઈ હતી.

..................................